# ખંભાત નગરપાલિકા,ખંભાત
# એજન્ડા નોટીસ

<u>તારીખ.૧૧–૦૩–૨૦૨૪ ને સોમવાર ના</u> રોજ સાંજે ૪–૦૦ કલાકે મ્યુની.કાઉન્સીલ હોલમાં મળનાર જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભામાં કરવામાં આવનાર કામોના એજન્ડા.

(૧) તારીખ.૩૧–૦૧–૨૦૨૪ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

(૨) નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૭૬(૧) મુજબ ખંભાત નગરપાલિકાના નાણાંકીય વર્ષ સને.૨૦૨૪–૨૫ ના વર્ષનું બજેટ મંજુર કરવા બાબત.

આ ઉપરાંત ચેરમાંથી રજુ થાય તે બાબત.

સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
પ્રમુખ,
ખંભાત નગરપાલિકા,ખંભાત

ખંભાત નગરપાલિકા, ખંભાત
<u>તારીખ.૦૪–૦૩–૨૦૨૪</u>

નોધઃ– (૧) બોર્ડની મીટીંગમાં કરવાનાં કામોનાં કાગળો જોવા તથા વાંચવા સારૂ ઓફીસ ચાલુ હોય તે દિવસો અને રજાના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦૦ થી ૧૨–૦૦ સુધી ઓફીસ ટેબલ ઉપર મુકવામાં આવેલ છે.

(૨) એજન્ડા પેપરમાં દાખલ કરેલ કામોને વ્યાખ્યા અગર સાર તરીકે ગણવાનાં નથી પરંતુ કામોના વિષયે સુચન છે.

(૩) એજન્ડાની તમામ આઈટમના ઠરાવો નગરપાલિકાની વેબસાઈટ ઉપર દરેકને જોવા મળશે અને નકલો પણ લઈ શકશો www.khambhatnagarpalika.in ઉપરથી મેળવી શકશો.

.

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

આજ તારીખ.૧૧–૦૩–૨૦૨૪ને સોમવાર ના રોજ સાંજે ૦૪–૦૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીના સભાખંડમાં પ્રમુખશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર ના અધ્યક્ષ સ્થાને જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભા મળી હતી પ્રારંભમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓની હાજરી રજીસ્ટરમાં સહી લેતા નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર છે.

<u>હાજર સભ્યશ્રીઓ.</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | પ્રમુખશ્રી | હાજર |
| ૨ | શ્રી ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ઉપપ્રમુખશ્રી | હાજર |
| ૩ | શ્રી મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) | સભ્યશ્રી | હાજર |
| ૪ | શ્રી દુધાભાઈ હિરાભાઈ રોહીત | સભ્યશ્રી | હાજર |
| ૫ | શ્રી ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | સભ્યશ્રી | હાજર |
| ૬ | શ્રી નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | સભ્યશ્રી | હાજર |
| ૭ | શ્રી સુનીતાબેન રાજુભાઈ વાઘરી | સભ્યશ્રી | હાજર |
| ૮ | શ્રી અંબાબેન જગદીશભાઈ જાદવ | સભ્યશ્રી | હાજર |
| ૯ | શ્રી તેજલબેન સાગરકુમાર સોલંકી | સભ્યશ્રી | હાજર |
| ૧૦ | શ્રી સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | સભ્યશ્રી | હાજર |
| ૧૧ | શ્રી ભારતીબેન રમેશભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| ૧૨ | શ્રી નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | સભ્યશ્રી | હાજર |
| ૧૩ | શ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) | સભ્યશ્રી | હાજર |
| ૧૪ | શ્રી અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | સભ્યશ્રી | હાજર |
| ૧૫ | શ્રી હેતલબેન કરશનભાઈ ભીલ | સભ્યશ્રી | હાજર |
| ૧૬ | શ્રી સોનલબેન નિતિનકુમાર જોષી | સભ્યશ્રી | હાજર |
| ૧૭ | શ્રી કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) | સભ્યશ્રી | હાજર |
| ૧૮ | શ્રી શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | સભ્યશ્રી | હાજર |
| ૧૯ | શ્રી હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | સભ્યશ્રી | હાજર |
| ૨૦ | શ્રી ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની (વકીલ) | સભ્યશ્રી | હાજર |
| ૨૧ | શ્રી એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | શ્રી નિતાબેન દિલીપભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| ૨૩ | શ્રી રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | સભ્યશ્રી | હાજર |
| ૨૪ | શ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | સભ્યશ્રી | હાજર |
| ૨૫ | શ્રી રેખાબેન અલ્પેશકુમાર જાદવ | સભ્યશ્રી | હાજર |
| ૨૬ | શ્રી શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | સભ્યશ્રી | હાજર |
| ૨૭ | શ્રી ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) | સભ્યશ્રી | હાજર |
| ૨૮ | શ્રી ગીતાબેન જતીનકુમાર રાણા | સભ્યશ્રી | હાજર |
| ૨૯ | શ્રી જયાબેન રોહીતભાઈ ખારવા | સભ્યશ્રી | હાજર |
| ૩૦ | શ્રી જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) | સભ્યશ્રી | હાજર |
| ૩૧ | શ્રી શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) | સભ્યશ્રી | હાજર |

**નીચે મુજબના સદસ્યશ્રીઓ ગેરહાજર રહેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | સભ્યશ્રી | ગેરહાજર |
| ૨ | શ્રી ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) | સભ્યશ્રી | ગેરહાજર |
| ૩ | શ્રી પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) | સભ્યશ્રી | ગેરહાજર |
| ૪ | શ્રી વિજયસિંહ ચંદુભાઈ પરમાર (રાજભા) | સભ્યશ્રી | ગેરહાજર |
| ૫ | શ્રી કામીની હિરેનકુમાર ગાંધી | સભ્યશ્રી | ગેરહાજર |

હાજરી લીધા બાદ સભાનું કોરમ પુરૂ થયું હોઈ પ્રમુખશ્રી તરફથી તમામ સદસ્યશ્રીઓને આવકારીને સભાનું કામ કાજ શરૂ કર્યુ.

સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
પ્રમુખ
ખંભાત નગરપાલિકા

એજન્ડા ક્રમાંક.૧ તારીખ.૧૧–૦૩–૨૦૨૪

તારીખ.૩૧–૦૧–૨૦૨૪ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

## <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.૦૪૯ તારીખ.૧૧–૦૩–૨૦૨૪</u>

એજન્ડા ક્રમાંક : ૧ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી રાજેશકુમાર ગુણવંતલાલ રાણા તરફથી અને સદસ્યશ્રી સોનલબેન નિતિનકુમાર જોષી ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૧૧–૦૩–૨૦૨૪ ના રોજ ખંભાત નગરપાલિકાની મળેલ જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભા ઠરાવે છે કે તારીખ. ૩૧–૦૧–૨૦૨૪ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવામાં આવે છે.

<u>સુધારો :–</u>

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકતા વિપક્ષી સદસ્યશ્રી નિતિનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબની સુધારા દરખાસ્ત સદસ્યશ્રી ભારતીબેન રમેશભાઈ રાણા ના ટેકા સાથે રજુ થઈ.

<u>આઈટમ ૧</u>

આ આઈટમ તા.૩૧/૦૧/૨૪ ના જ બોર્ડની મંજુરી માટેનું છે. પરંતુ ન.પા. અધિનિયમ ૧૯૬૩ અને ન.પા.પેટા નિયમ ૧૯૭૧ અને ગુ.સરકારશ્રીના નાણાંકીય નિયમો પ્રમાણે વહીવટ થતો નથી. ન.પા.ના સુજાનં ૨૭૭૫ તા.૧૨/૨/૧૪ના નિયમો અમલ મુકવાના પરીપત્ર પ્રમાણે વહીવટ થતો નથી. ન.પા.એ પોતાના વહીવટ માટે જે નિયમો ઘડેલ છે તેનો જ વારંવાર ભંગ થાય છે.

એકઝી કમીટી એ ક ૨૮૯ તા.૧૨/૧/૨૪ના આઈટમ રૂા.૧૧,૭૨૦૦૦ની દરખાસ્ત ડબલ વખત(વિકાસની) કમીટીમાં મંજુર કરેલ હતી અને તે વખતે આ રકમ એકઝી કમીટી ૨૫૫ તા.૨૯/૧૨/૨૩માં સમાવેશ થયેલ હતો.

અને ઉપરની રકમનો સમાવેશ માટે મનુભાઈ ONGC વાળાના ઘરથી સુભાસભાઈ ચાયનાહટ સુધીના રસ્તાના નાળાનું કામ ઘણા વર્ષોથી પેન્ડીંગ છે તેનો સમાવેશ કરવાની વાત મે.પ્રમુખશ્રી સાથે જ.બોર્ડમાં થઈ હતી અને તે વાત માન્ય રાખેલ હતી. તો આ આઈટમ માં એકઝી કમીટી ૨૮૯માં મતદાન લીધેલ તેથી આ વાત હવે રહી નહી તો આ આઈટમમાં પ્રોસેડીગમાં સુધારો કરીને સદર દરખાસ્ત મંજુર કરવી.

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા નીચે મુજબના મત મળેલ છે.

| તરફેણ | | વિરૂધ્ધ | |
|---|---|---|---|
| ૧ | શ્રી મુમતાઝબાનુ અરશીદ શેખ | ૧ | શ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર |
| ૨ | શ્રી દુધાભાઈ હીરાભાઈ રોહીત | ૨ | શ્રી ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |

| | | | |
|---|---|---|---|
| ૩ | શ્રી ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૩ | શ્રી નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી |
| ૪ | શ્રી અંબાબેન જગદીશભાઈ જાદવ | ૪ | શ્રી સુનીતાબેન રાજુભાઈ વાઘરી |
| ૫ | શ્રી સાવજસિંહ અજીતસિંહ ગોહિલ | ૫ | શ્રી તેજલબેન સાગરકુમાર સોલંકી |
| ૬ | શ્રી ભારતીબેન રમેશભાઈ રાણા | ૬ | શ્રી નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૭ | શ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ | ૭ | શ્રી અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૮ | શ્રી શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | ૮ | શ્રી હેતલબેન કરશનભાઈ ભીલ |
| ૯ | શ્રી હંસાબેન કંચનલાલ રાણા | ૯ | શ્રી સોનલબેન નિતિનકુમાર જોષી |
| ૧૦ | શ્રી ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની | ૧૦ | શ્રી કનૈયાલાલ મફતભાઈ રાણા |
| ૧૧ | શ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | ૧૧ | શ્રી નિતાબેન દિલીપભાઈ રાણા |
| | | ૧૨ | શ્રી રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| | | ૧૩ | શ્રી રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| | | ૧૪ | શ્રી શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | ૧૫ | શ્રી ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| | | ૧૬ | શ્રી ગીતાબેન જતીનકુમાર રાણા |
| | | ૧૭ | શ્રી જયાબેન રોહીતભાઈ ખારવા |
| | | ૧૮ | શ્રી જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા |
| | | ૧૯ | શ્રી શાંતિબેન ભુપતભાઈ માછી |
| | | ૨૦ | શ્રી એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ |

**સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૧) વિરૂધ્ધમાં (૨૦) મત પડતાં સુધારા દરખાસ્ત નામંજુર થાય છે.**

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા નીચે મુજબના મત મળેલ છે.**

| તરફેણ | | વિરૂધ્ધ | |
|---|---|---|---|
| ૧ | શ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | ૧ | શ્રી મુમતાઝબાનુ અરશીદ શેખ |
| ૨ | શ્રી ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૨ | શ્રી દુધાભાઈ હીરાભાઈ રોહીત |
| ૩ | શ્રી નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી | ૩ | શ્રી ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૪ | શ્રી સુનીતાબેન રાજુભાઈ વાઘરી | ૪ | શ્રી અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૫ | શ્રી તેજલબેન સાગરકુમાર સોલંકી | ૫ | શ્રી સાવજસિંહ અજીતસિંહ ગોહિલ |
| ૬ | શ્રી નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૬ | શ્રી ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૭ | શ્રી અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૭ | શ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ |
| ૮ | શ્રી હેતલબેન કરશનભાઈ ભીલ | ૮ | શ્રી શમીમબાનુ અબ્દુલહમીદ મલેક |
| ૯ | શ્રી સોનલબેન નિતિનકુમાર જોષી | ૯ | શ્રી હંસાબેન કંચનલાલ રાણા |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | શ્રી કનૈયાલાલ મફતભાઈ રાણા | ૧૦ | શ્રી ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની |
| ૧૧ | શ્રી નિતાબેન દિલીપભાઈ રાણા | ૧૧ | શ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ |
| ૧૨ | શ્રી રાજેશકુમાર ગુણવંતલાલ રાણા | | |
| ૧૩ | શ્રી રેખાબેન અલ્પેશકુમાર જાદવ | | |
| ૧૪ | શ્રી શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | | |
| ૧૫ | શ્રી ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ | | |
| ૧૬ | શ્રી ગીતાબેન જતીનકુમાર રાણા | | |
| ૧૭ | શ્રી જયાબેન રોહીતભાઈ ખારવા | | |
| ૧૮ | શ્રી જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા | | |
| ૧૯ | શ્રી શાંતિબેન ભુપતભાઈ માછી | | |
| ૨૦ | શ્રી એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ | | |

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૨૦) વિરૂધ્ધમાં (૧૧) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.**

**સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર**

**પ્રમુખ**

**ખંભાત નગરપાલિકા**

સભ્યશ્રી ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની સાંજે ૪–૩૦ કલાકે જનરલ બોર્ડમાંથી બહાર જતા રહેલ છે.

એજન્ડા ક્રમાંક.૨  તારીખ.૧૧–૦૩–૨૦૨૪

નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૭૬(૧) મુજબ ખંભાત નગરપાલિકાના નાણાંકીય વર્ષ સને.૨૦૨૪–૨૫ ના વર્ષનું બજેટ મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.૦૫૦ તારીખ.૧૧–૦૩–૨૦૨૪

એજન્ડા ક્રમાંક : ૨  પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી રાજેશકુમાર ગુણવંતલાલ રાણા તરફથી અને સદસ્યશ્રી અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયાના ટેકા સાથે નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ ના બજેટની રૂપરેખા નીચે મુજબ છે.

માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, તથા આજની  આ જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભામાં ઉપસ્થિત એવા મારા કાઉન્સીલર ભાઈઓ તથા બહેનો.

ખંભાત નગરપાલિકાનું આગામી  નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૦૨૫ નું અંદાજપત્ર આપ સૌ ની સમક્ષ મુકતા હર્ષની લાગણી અનભવું છું

આગામી વર્ષ એપ્રીલ–૨૦૨૪ થી શરૂ થતા નવા વર્ષની રૂપરેખા આપુ તે પહેલા જાન્યુઆરી ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૪ સુધીના સંભવીત આવક અને ખર્ચના અંદાજો સાથેના રેવન્યુ બજેટ  અને કેપીટલ બજેટ જે આ બોર્ડ સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ.

ખંભાત શહેરમાં રહેતી વિધવા બહેનો માટે અગાઉના વર્ષ થી આપવામાં આવેલ સંપૂર્ણ ટેક્ષમાં માફી આપવામાં આવે છે. તે મુજબ આગામી વર્ષમાં પણ તે ટેક્ષમાં માફી આપવા નકકી કરવામાં આવેલ છે. તેમા જે લોકોને આ લાભ મળવાપાત્ર હોય તેઓ ધ્વારા નગરપાલિકા માં નિયમઅનુંસાર અરજી કરેથી તેઓને પણ માફી આપવામાં આવશે તેમ ઠરાવવામાં આવશે.

ખંભાત શહેરની જનતાને અનેક યોજનાનો લાભ લેવા માટે નગરપાલિકા ના આવક દાખલાની જરૂરીયાત રહેતી હોવાથી આ આવકના દાખલાની ફી રૂા.૧૫/– લઈ ને આપવામાં આવતી હતી જે આગામી વર્ષ ૨૦૨૪–૨૦૨૫ માં પણ ચાલુ રાખવામાં આવે છે.

વર્ષ : ૨૦૨૪–૨૫  માટે રૂા.૨૬,૩૬,૨૦,૦૦૦/– એકે રૂપીયા છવ્વીસ કરોડ છત્રીસ લાખ વીસહજાર પુરા રેવન્યુ આવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | કુલ ટેક્ષની આવક | ૮૫૭૫૫૦૦૦.૦૦ | આઠ કરોડ સતાવનલાખ પચાવનહજાર પૂરા |
| ૨ | ભાડાની કુલ આવક | ૧૦૦૦૦૦૦૦.૦૦ | એક કરોડ  પૂરા |
| ૩ | અન્ય આવક | ૧૨૦૦૦૦૦૦.૦૦ | એક કરોડ વીસલાખ પૂરા |
| ૪ | ફી ની કુલ આવક | ૩૭૨૭૬૦૦૦.૦૦ | ત્રણકરોડ બોતેરલાખ છોતેરહજાર પૂરા |
| ૫ | ખાસ અધિનિયમની આવક | ૫૮૪૦૦૦.૦૦ | પાચલાખ ચોરીયાસી હજાર પુરા |
| ૬ | વ્યાજ આવક ભંડોળ | ૮૦૦૦૦૦૦.૦૦ | એંશીલાખ પુરા |

| | | | |
|---|---|---|---|
| ૭ | કુલ અન્ય આવકો | ૧૩૪૦૫૦૦૦.૦૦ | એક કરોડ ચોત્રીસલાખ પાચહજાર પુરા |
| ૮ | સહાયક અનુદાન (મહેકમ) | ૯૬૬૦૦૦૦૦.૦૦ | નવકરોડ છાસઠલાખ પુરા |
| | કુલ રેવન્યુ આવક | ૨૬૩૬૨૦૦૦૦.૦૦ | છવ્વીસ કરોડ છત્રીસ લાખ વીસહજાર પુરા |

**તેની સામે વર્ષ : ૨૦૨૪–૨૫ માટે રૂા.૨૬,૨૨,૯૬,૫૦૧/– અંકે રૂપીયા છવ્વીસ કરોડ બાવીસલાખ છણુંહજાર પાચસો એક પુરાની રેવન્યુ જાવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.**

| | | | |
|---|---|---|---|
| ૧ | અ. આ. સેવા સિવાયનું મહેકમનો ખર્ચ | ૧૧૨૮૦૦૦૦૦.૦૦ | અગ્યાર કરોડ અઠ્ઠીયાવીસ લાખ પુરા |
| ૨ | અન્ય લાભો | ૯૩૨૦૦૦૦.૦૦ | ત્રાણુંલાખ વીસહજાર પુરા |
| ૩ | વહીવટી ખર્ચ | ૧૪૨૯૭૫૦૧.૦૦ | એક કરોડ બેતાલીસલાખ સતાણુંહજાર પાચસો એક પુરા |
| ૪ | પાણી પુરવઠા ખર્ચ | ૩૪૦૧૦૦૦૦.૦૦ | ત્રણકરોડ ચાલીસલાખ દશહજાર પુરા |
| ૫ | ગંદાપાણીના નિકાલનો ખર્ચ (ડ્રેનેજ) | ૧૧૮૫૫૦૦૦.૦૦ | એક કરોડ અઢારલાખ પચાવન હજાર પુરા |
| ૬ | સફાઈ ખર્ચ | ૫૬૫૩૦૦૦૦.૦૦ | પાચ કરોડ પાસઠલાખ ત્રીસહજાર પુરા |
| ૭ | વરસાદી પાણી નિકાલ | ૩૦૦૦૦૦.૦૦ | ત્રણ લાખ પુરા |
| ૮ | જાહેર દિવાબત્તી ખર્ચ | ૭૩૧૦૦૦૦.૦૦ | તોતેરલાખ દશહજાર પુરા |
| ૯ | રસ્તા / બાંધકામ ખર્ચ | ૮૮૬૦૦૦૦.૦૦ | ઈઠ્ઠીયાસીલાખ સાહીઠહજાર પુરા |
| ૧૦ | અન્ય સેવાઓનો ખર્ચ | ૭૦૧૪૦૦૦.૦૦ | સીતેરલાખ ચૌદહજાર પુરા |
| | કુલ રેવન્યુ જાવક | ૨૬૨૨૯૬૫૦૧.૦૦ | છવ્વીસ કરોડ બાવીસલાખ છન્નુંહજાર પાચસો એક પુરા |

**આમ રેવન્યુ આવક જાવકના બજેટ માં રૂા. ૧૩,૨૩,૪૯૯/– અંકે રૂપીયા તેર લાખ તેવીસહજાર ચારસો નવ્વાણું પુરા ની પૂરાંત દર્શાવવામાં આવેલ છે. જે નગરના આયોજનમાં નગરપાલિકા ધ્વારા કરવામાં આવનાર વિવેક બુધ્ધિ અનુસાર અને કરકસર યુકત પગલાઓના ફળ સ્વરૂપે પુરાંત વાળુ બજેટ રજુ કરતા હર્ષ ઉલ્લાસ અને આનંદ ની લાગણી અનુભવું છુ.**

**દિવસે દિવસે શહેરી કરણ વધવાનું છે. શહેરની હદોનો વ્યાપ અને વિસ્તરણ થવાનું જ છે. નવા બાંધકામ અને નવી સોસાયટીયોનું સર્જન થવાનું છે.**

**આમ પ્રાથમીક સુવિધાઓ આપવાનો વ્યાપ પણ વધવાનો છે.**

**અમો ....ભવિષ્યની આપવાની જરૂરીયાતો નો દુરંદેશી ખ્યાલ આ બજેટમાં કરેલો છે. સરળતાથી સેવાઓ મળી રહે અને સમસ્યાઓ તુંરત હલ થાય અને નાગરીકોને વધુ સરળતા રહે તે માટે અનેક જોગવાઈઓ આ બજેટમાં કરવામાં આવેલ છે.**

નવી શાકમાર્કેટ ની પાછળનો ભાગ જર્જરીત હાલતમાં હોય તે નું ગ્રાઉન્ડ ફ્લોર,ફસ્ટ ફ્લોર રીનોવેશન,તથા લુહારીયાવાસ નથુંભાઈના ડેમ્ચા સામે નવું શોપીંગ સેન્ટર તથા ગાયત્રી નગર સર્કલની સામે લાલબાગ માં શોપીંગ સેન્ટર બનાવવાનું આયોજન ૧૫મું નાણાપંચ ગ્રાન્ટ માંથી કરવામાં આવેલ છે.

નગરની શોભા વધારતા નગરના જુના બાગ જેમા તીલકબાગ,લાલબાગ તથા માદળાબાગ ની ઉપરના ભાગમાં રીનોવેશન કરી ત્યાં રમત ગમત ના સાધનો સાથે ની કામગીરી તથા નવો ઓડીટોરીયમ હોલ બનાવવા નું આયોજન ૧૫મું નાણાપંચ ગ્રાંન્ટ માંથી કરવામાં આવેલ છે.

લાલ દરવાજા સર્કલ અને ત્રીકોણીયા સર્કલ નું રીનોવેશન કરવાની કામગીરી તથા બાલેશાહ જવાના ત્રણ રસ્તા પડે છે,ત્યાં આગળ નવું સર્કલ બનાવવાનું આયોજન ૧૫મું નાણાપંચ ગ્રાંન્ટ માથી કરવામાં આવેલ છે.

વિકલાંગ અને માનસિક વિકલાંગ સહિત સમાજના નબળા વર્ગોના હિતો માટે સાધનો તથા મશીન આપવા માટે નું આયોજન ૧૫મું નાણાપંચ ગ્રાંન્ટ માંથી કરવામાં આવેલ છે.

શહેરી દિવાબત્તી માટે નવી સ્ટ્રીટ લાઈટ તથા શહેરના મોટા રસ્તાઓ પર હાઈમેકસ લાઈટ નું આયોજન ૧૫મું નાણાપંચ ગ્રાંન્ટ માંથી કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ વિકાસ લક્ષી કામો સમગ્ર ગામના મુખ્ય રસ્તાઓ, અંદરના આર.સી.સી. ડામરના રસ્તાઓ બનાવી વિકાસની એક ઝલક પ્રજાને આપેલ છે. તેનાથી સમગ્ર પ્રજામાં એક ખુશીની લહેર જોવા મળેલ છે અને તેમાંથી ઘણા ખરા કામો પુર્ણ થયેલ છે અને બાકીના કામો હાલ પ્રગતિમાં છે અને તે જરૂરી સમય મર્યાદામાં પુર્ણ થાય તેમાં પણ નગરપાલિકાના શાસકોનો આગોતરૂ આયોજન છે. ખંભાત શહેરની કાયાપલટ એ અમારૂ મીશન છે અને સર્વાંગી વિકાસ થાય તે માટે અમારો અથાગ પ્રયત્ન રેહેશે. આ ભગીરથ કાર્ય માટે આપ સૌનો સહકાર અમોને મળતો રહે છે તે માટે અમો આપના ઋણી છીએ.

ખંભાતના નગરજનો માટે સ્પોર્ટ કલબ નું આયોજન કરી સ્પોર્ટ કોમ્પલેક્ષ ના બિલ્ડીંગ બનાવવા અને સ્પોર્ટ ના સાધનો ની ખરીદી કરવા નું આયોજન ૧૫મું નાણાપંચ ની ગ્રાન્ટ માંથી કરવામાં આવશે.

માદળા તળાવ ખંભાત ને એક નવું નજરાણું આપવામાં આવ્યુ છે. તેજ રીતે નારેશ્વર તળાવ બ્યુટીફીકેશન કરવા માટે ગુજરાત સરકાર સમક્ષ પ્લાન નકશા બનાવી સમગ્ર પ્રોસીઝરો કરી તેની સરકારશ્રી તરફથી મંજુરી મેળવી ને ખંભાત શહેર નું એક નજરાણું બની રહે, તે રીતે નવપલ્લવિત કરવામાં આવશે જેમાં જરૂરીયાતના તમામ રમત–ગમતના સાધનો , ફુવારા તથા સેલ્ફી ઝોન બનાવવાની કામગીરી તળાવબ્યુટીફીકેશન ગ્રાંટ માંથી કરવામાં આવશે.

સેનીટેશન વિભાગ માં સફાઈ અંગે ના આધુનીક જુદા જુદા નવીન સાધનો અને મશીનરી ખરીદી કરી નગરમાં સફાઈ સહેલાથી અને ઝડપી થાય તે અંગે નુંઆયોજન આગામી વર્ષમાં ૧૫મું નાણાપંચ ની ગ્રાંન્ટ માંથી કરવા માં આવેલ છે.

ધન કચરાના નિકાલ (લેગસીવેસ્ટ)ની કામગીરી સરકારશ્રી ની સ્વચ્છ ભારત મીશન (એસ.બી.એમ.–૨.૦)ની ગ્રાન્ટ માંથી કરવા માં આવેલ છે. અને તેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.અને આગામી વર્ષ (એસ.બી.એમ.–૨.૦)ની ગ્રાન્ટ માંથી સફાઈ અંગે સાધનો તથા સફાઈ અંગે આયોજન કરવા માં આવેલ છે.

ખંભાતના નગરજનો ને શારીરીક બિમારીથી ઘેરાયેલા હોય અને તેઓની આર્થીક સ્થિતિ નબળી હોય તેવા નગરના કોઈપણ નાગરીકને ગુજરાતની હદમાં કોઈ એમ્બ્યુલન્સ કે શબવાહીની લઈ જવાની થાય તો નિયમ મુજબ રકમ ભરપાઈ કરવાની હોય અને તેમાં તેઓની અરજી આવેથી નગરપાલિકા નકકી કરે તે રકમમાં માફી આપવાની જોગવાઈ પણ આ વર્ષે ચાલુ રાખવા મંજુર કરવામાં આવેલ છે.

ખંભાત શહેરના નગરજનો ને શહેરી વિસ્તાર માટે એમ્બ્યુલન્સ,શબવાહીની વાન અને અંતિમયાત્રા વાહનની સેવા ફ્રી કરવામાં આવેલ છે. જે આગામી વર્ષ પણ તેનો લાભ નગરજનો ને આપવા માં આવશે.

ખંભાત નગરપાલિકાના ચુંટાયેલા તમામ ચાલુ / માજી સભ્યશ્રીઓને અને તેમના પત્ની,બાળકો તથા માતા–પિતા ને એમ્બ્યુલન્સ ની જરૂરીયાત ઉભી થાયતો વિના મુલ્યે ગુજરાત રાજયની હદમાં પોતાની સારવાર અર્થે જઈ શકશે. પરતું ગુજરાત બહાર જવાનું થાયતો હદની આગળ જવાના અને હદ સુધી પરત આવવાના પ્રતિ કિ.મી. દીઠ રૂા. ૮–૦૦ અંકે રૂપીયા આઠ પુરાં લેખે વસુલ લેવાના રહેશે.બીજા કોઈપણ અન્ય ચાર્જીસ લાગુ પડશે નહી કે લેવાના રહેશે નહી. તેવી જ રીતે ખંભાત મત વિસ્તાર ધારાસભ્યશ્રી અને માજી ધારાસભ્યને પણ ઉપર મુજબનો લાભ આપવાનો રહેશે.તે મુજબનું બીજો અન્ય ઠરાવ ના થાય તે રીતે તારીખ.૦૧/૦૪/૨૦૧૮ થી અમલ માં આવેલ છે તે રીતે ઠરાવવામાં આવેલ છે,તે પ્રમાણે આગામી વર્ષે ચાલુ રાખવાનું રહેશે.

આમ વર્ષ : ૨૦૨૪–૨૫ માટે કેપીટલ આવક રૂા.૪૭,૩૯,૮૦,૦૦૦/– અંકે રૂપીયા સુડતાલીસ કરોડ ઓગણચાલીસલાખ એંશીહજાર પુરા અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | સહાયક અનુદાન | ૧૭૮૩૦૦૦૦.૦૦ | એક કરોડ ઈઠ્ઠીયોતેર લાખ ત્રીસ હજાર પુરા |
| ૨ | વિકાસ યોજના (રાજય સરકાર) | ૨૨૫૫૦૦૦૦૦.૦૦ | બાવીસ કરોડ પંચાવનલાખ પુરા |
| ૩ | ખાસ હેતુ માટેની ગ્રાન્ટ | ૬૭૫૦૦૦૦.૦૦ | સડસઠ લાખ પચાસ હજાર પુરા |
| ૪ | વિકાસ યોજના ( કેન્દ્ર સરકાર) | ૧૯૦૦૦૦૦૦૦.૦૦ | ઓગણીસ કરોડ પુરા |
| ૫ | સામુદાઈક વિકાસ યોજનાઓ | ૨૮૪૦૦૦૦૦.૦૦ | બેકરોડ ચોરીયાસીલાખ પુરા |
| ૬ | વિકેન્દ્રીત જિલ્લા આયોજન | ૫૫૦૦૦૦૦.૦૦ | પંચાવનલાખ પુરા |
| | કુલ કેપીટલ આવક | ૪૭૩૯૮૦૦૦૦.૦૦ | સુડતાલીસ કરોડ ઓગણચાલીસલાખ એંશીહજાર પુરા |

તેની સામે વર્ષ : ૨૦૨૪–૨૫ માટે રૂા.૪૬,૫૨,૩૫,૦૦૦/– અંકે રૂપીયા છેતાલીસ કરોડ બાવન લાખ પાંત્રીસ હજાર પુરા ની કેપીટલ જાવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | સહાયક અનુદાન (વિકાસ ભંડોળ યોજના) | ૧૭૫૮૫૦૦૦.૦૦ | એક કરોડ પચોતેરલાખ પચ્યાસી હજાર પુરા |
| ૨ | વિકાસ યોજના રાજય સરકાર | ૨૨૧૦૦૦૦૦૦.૦૦ | બાવીસ કરોડ દસ લાખ પુરા |
| ૩ | ખાસ હેતુ માટેની ગ્રાન્ટ રાજય સરકાર | ૬૨૫૦૦૦૦.૦૦ | બાસઠલાખ પચાસ હજાર પુરા |
| ૪ | વિકાસ યોજના કેન્દ્ર સરકાર | ૧૯૧૫૦૦૦૦૦.૦૦ | ઓગણીસ કરોડ પંદરલાખ પુરા |
| ૫ | સામુદાઈક વિકાસ યોજનાઓ | ૨૩૪૦૦૦૦૦.૦૦ | બેકરોડ ચોત્રીસલાખ પુરા |
| ૬ | વિકેન્દ્રીત જિલ્લા આયોજન | ૫૫૦૦૦૦૦.૦૦ | પંચાવનલાખ પુરા |
| | કુલ કેપીટલ જાવક | ૪૬૫૨૩૫૦૦૦.૦૦ | છેતાલીસ કરોડ બાવન લાખ પાંત્રીસ હજાર પુરા |

આમ કેપીટલ આવક જાવકના બજેટ માં રૂા. ૮૭,૪૫,૦૦૦/– અંકે રૂપીયા સીત્યાસી લાખ પીસ્તાલીસહજાર પુરાં ની પૂરાંત દર્શાવવામાં આવેલ છે.

ખંભાત નગરપાલિકા ની કુલ બજેટની આવક જાવક નીચે મુજબ છે.

| વિગત | આવક | જાવક |
|---|---|---|
| ગ્રાંન્ટ આવકનો સરવાળો :– | ૪૭૩૯૮૦૦૦૦.૦૦ | ૪૬૫૨૩૫૦૦૦.૦૦ |
| રેવન્યુ આવકનો સરવાળો :– | ૨૬૩૬૨૦૦૦૦.૦૦ | ૨૬૨૨૯૬૫૦૧.૦૦ |
| દેવાઓ અને જવાબદારી :– | ૫૮૭૯૨૦૦૦.૦૦ | ૫૯૭૭૫૦૦૦.૦૦ |
| કુલ સરવાળો :– | ૭૯૬૩૯૨૦૦૦.૦૦ | ૭૮૭૩૦૬૫૦૧.૦૦ |

આમ ખંભાત નગરપાલિકાના કુલ આવક જાવક ના બજેટ માં રૂા. ૯૦,૮૫,૪૯૯/– અંકે રૂપીયા નેવું લાખ પંચ્યાસી હજાર ચારસૌ નવ્વાણું પુરાની પૂરાંત દર્શાવવામાં આવેલ છે.

મીત્રો,.... આ અમારો આ બજેટમાં રેવન્યુ અને કેપીટલ બજેટને સરળ રીતે પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ છે અત્રેથી આપ સૌને ખાત્રી આપીએ છીએ કે આપણા સૌની તમામ તાકાત આ બજેટને યર્થાથ કરવા કામે લગાડી દઈશું. સૌને ન્યાય મળે તે માટે સદા પ્રયત્નશીલ રહીશું. જેથી કરીને આ શહેરના વિકાસ લક્ષી ''સૌનો સાથ........સૌ નો વિકાસ'' ની યુકિત સાર્થક થાય તે માટે ઉપરોકત તમામ બજેટમાં જણાવેલ વિગતો અંગે જે કોઈ કાર્યવાહી કરવાની થાય તે સંપૂર્ણ પણે કામ પૂર્ણ થાય ત્યાં સુધીની કાર્યવાહીઓ કરવા નગરપાલીકા પ્રમુખશ્રી , ચેરમેનશ્રી કારોબારી કમીટી, ચીફ ઓફીસરશ્રી ને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે અને બજેટમાં જણાવેલ સુવિધાઓનો લાભ જેમ બને તેમ વહેલાસર પ્રજાજનો ને મળે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે આ બજેટને સર્વાનુમતે મંજુર કરવા દરખાસ્ત કરૂ છું.

<u>સુધારો :–</u>

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકતા વિપક્ષી સદસ્યશ્રી નિતિનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબની સુધારા દરખાસ્ત સદસ્યશ્રી ભારતીબેન રમેશભાઈ રાણા ના ટેકા સાથે રજુ થઈ.

<u>આઈટમ નંબર. ૨</u>

ખંભાત નગરપાલિકાના વર્ષ ૨૪/૨૫ ના બજેટમાં ન.પા. અધિનિયમ ૧૯૬૩ અને

પેટા નિયમ ૧૯૭૧ અને ન.પા.ના નાણાંકીય નિયમો અને બજેટ રજુ કરતા પહેલાની પૂર્વ તૈયારી રૂપે કોઈ ખાતાકીય મીટીંગો કરવામાં આવેલ નથી. દરેક વિવિધ ખાતાના આવક જાવકના અંદાજીત ખર્ચ મેળવેલ નથી અને ફાયનાન્સ કમીટીએ આ અંગેની કોઈ કાર્યવાહી કરેલ નથી અને દરેક તબકકાવાર રજુઆત સાંભળીને ફાયનાન્સ કમીટીએ અંદાજપત્રો મંજુર કરેલ નથી અને તે ચીફ ઓફીસરશ્રીને સાદર કરેલ નથી. આમ સમગ્ર રીતે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની અંદાજપત્રની બધી જ કાયદાકીય જોગવાઈનું ઉલ્લંઘન કરેલ છે.

બજેટની નકલ અમોને અગાઉથી અભ્યાસ માટે આપવામાં આવેલ નથી તેથી વ્યવસ્થિત અભ્યાસ વગર ચોકકસ આંકડા અમો આપી શકતા નથી.

ઉપરોકત મુદ્દા સુધારા ખંભાત ન.પાલિકાના મુખ્ય અધિકારીઓ, હીસાબનીશો ધ્યાને લઈ બજેટમાં પ્રસ્થાપિત નિયમો સુચના વિરૂધ્ધ ખર્ચ વધે નહી તે જોવાની કાયદેસરની તેઓ બન્નેની ફરજ છે તેની ખાસ નોંધ લેવામાં આવે અને તે મુજબ બજેટની જોગવાઈઓમાં સુધારો કરવામાં આવે.

(૧) ખંભાત નગરના હરીજન કામદારોની તા.૧–૮–૨૧ થી તા.૩૧–૧–૨૪ સુધીના સમય માટે છઠ્ઠા પગારપંચ મુજબ ચુકવવા પાત્ર રકમની જોગવાઈ કરવી જે જનરલ બોર્ડ ઠરાવ.૩૦ તા.૨૭/૯/૨૦ ની શરતો (૧) મુજબ ચુકવવા પાત્ર બને છે.

(૨) સ્પે સીવીલ એપ્લીકેશન નંબર.૧૨૨૩૦/૨૦૦૮ અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટ તા.૧૨–૭–૨૩ના હુકમમાં દર્શાવ્યા મુજબ ખંભાત નગરપાલિકાના નિવૃત્ત કર્મચારીઓનું Ad.hock રૂા.૧૦૦૦૦/– તા.૧/૪/૨૦૧૦ આપવા પાત્ર રકમ તેમજ મે ૨૦૧૦ થી બેઝીક પેન્શન તથા વખતો વખત રીટાર્યડ થતા DA સાથેની તા.૩૧/૩/૨૫ સુધી ચુકવવા પાત્ર રકમની જોગવાઈ કરવી.

(૩) ગુજરાત સરકારની વખતો વખતની સુચના મુજબ મંજુર મહેકમના ૧૦ ટકાથી વધુ રોજમદાર કામદારોની ખંભાત નગરપાલિકામાં નિમણુંક કરવી નહી અને તે મુજબ રોજમદારોની નિમણુંક અંગેનો ખર્ચ સીમીત રાખવામાં આવે અને મંજુર મહેકમના ૧૦ ટકાની રોજમદારો કામદારો તા.૩૧/૩/૨૫ સુધીમાં ચુકવવા પાત્ર વધવા ન પામે તેમ બજેટ ખર્ચનો જોગવાઈ કરવામાં આવે.

(૪) ખંભાત નગરપાલિકાને અમારી જાણ મુજબ રૂા.૩૧૦૦૦૦ જેવી રકમનો એપ્રેન્ટીસની ભરતી બાબતમાં દંડ કરેલ છે. તો ચાલુ સાલે રૂા. ચુકવાયેલ છે કે કેમ ? અને જો ચાલુ વર્ષમાં અંદાજપત્રમાં ન ચુકવેલ હોય અને આવનાર અંદાજપત્રમાં તેની જોગવાઈ કરેલ હોય તો કયા હેડે કરવામાં આવેલ છે તે દર્શાવવું.

(૫) ખંભાત નગરપાલિકાના હદના રસ્તા સ્મશાનની અંદર ડાઘુઓને પાણીની ઘણી મુશ્કેલી પડે છે. અને શબને અગ્નિસંસ્કાર કરવાની ભઠ્ઠીઓ જર્જરીત થઈ ગયેલ છે તો આ ખર્ચના માટે કયુ આયોજન કરેલ છે અને ન પા ની આટલી આવક હોવા છતાં આ સેવાથી નાગરીકોને વંચીત રહે છે તો તાત્કાલીક ધોરણે આ હેડે રકમની ફાળવણી કરવી.

(૬) ખંભાત ન પા ના અંદાજ પત્રમાં ત્રિમાસીક હિસાબોમાં અને અન્ય હિસાબો અંદાજ પત્ર માં ચકડોળ ગ્રાઉન્ડ હરાજીની આવક અને સીટી બસની આવક અને જાવકનુ હેડ બંધ કરેલ છે અને તે અલગ દર્શાવતા નથી તો ચાલુ બજેટમાં દર્શાવવું.

(૭) ગુ.સરકારશ્રી તરફથી ટેક્ષ રીકવરીની ગ્રાંટ આવે છે તો સદર વર્ષમાં કેટલી ગ્રાંટ મળી અને પાછલી બાકીની વસુલાત ઓછી કરવાથી ન પા ને સરકારશ્રીની ગ્રાંટ ઓછી મળેલ છે તો આ માટે કોઈ જવાબદાર છે અને તે માટેની જવાબદારી નકકી કરવી જોઈએ.

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા નીચે મુજબના મત મળેલ છે.

| તરફેણ | | વિરૂધ્ધ | |
|---|---|---|---|
| ૧ | શ્રી મુમતાઝબાનુ અરશીદ શેખ | ૧ | શ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર |
| ૨ | શ્રી દુધાભાઈ હીરાભાઈ રોહીત | ૨ | શ્રી ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |
| ૩ | શ્રી ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૩ | શ્રી નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી |
| ૪ | શ્રી અંબાબેન જગદીશભાઈ જાદવ | ૪ | શ્રી સુનીતાબેન રાજુભાઈ વાધરી |
| ૫ | શ્રી સાવજસિંહ અજીતસિંહ ગોહિલ | ૫ | શ્રી તેજલબેન સાગરકુમાર સોલંકી |
| ૬ | શ્રી ભારતીબેન રમેશભાઈ રાણા | ૬ | શ્રી નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૭ | શ્રી નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ | ૭ | શ્રી અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૮ | શ્રી શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | ૮ | શ્રી હેતલબેન કરશનભાઈ ભીલ |
| ૯ | શ્રી હંસાબેન કંચનલાલ રાણા | ૯ | શ્રી સોનલબેન નિતિનકુમાર જોષી |
| ૧૦ | શ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | ૧૦ | શ્રી કનૈયાલાલ મફતભાઈ રાણા |
| | | ૧૧ | શ્રી નિતાબેન દિલીપભાઈ રાણા |
| | | ૧૨ | શ્રી રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| | | ૧૩ | શ્રી રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| | | ૧૪ | શ્રી શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | ૧૫ | શ્રી ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| | | ૧૬ | શ્રી ગીતાબેન જતીનકુમાર રાણા |
| | | ૧૭ | શ્રી જયાબેન રોહીતભાઈ ખારવા |
| | | ૧૮ | શ્રી જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા |
| | | ૧૯ | શ્રી શાંતિબેન ભુપતભાઈ માછી |
| | | ૨૦ | શ્રી એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ |

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૦) વિરૂધ્ધમાં (૨૦) મત પડતાં સુધારા દરખાસ્ત નામંજુર થાય છે.

મુળ દરખાસ્ત પર મતદાન લેતા નીચે મુજબના મત મળેલ છે.

| તરફેણ | | વિરૂધ્ધ | |
|---|---|---|---|
| ૧ | શ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | ૧ | શ્રી મુમતાઝબાનુ અરશીદ શેખ |
| ૨ | શ્રી ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૨ | શ્રી દુધાભાઈ હીરાભાઈ રોહીત |
| ૩ | શ્રી નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી | ૩ | શ્રી ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૪ | શ્રી સુનીતાબેન રાજુભાઈ વાધરી | ૪ | શ્રી અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૫ | શ્રી તેજલબેન સાગરકુમાર સોલંકી | ૫ | શ્રી સાવજસિંહ અજીતસિંહ ગોહિલ |

| | | | |
|---|---|---|---|
| ૬ | શ્રી નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૬ | શ્રી ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૭ | શ્રી અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૭ | શ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ |
| ૮ | શ્રી હેતલબેન કરશનભાઈ ભીલ | ૮ | શ્રી શમીમબાનુ અબ્દુલહમીદ મલેક |
| ૯ | શ્રી સોનલબેન નિતિનકુમાર જોષી | ૯ | શ્રી હંસાબેન કંચનલાલ રાણા |
| ૧૦ | શ્રી કનૈયાલાલ મફતભાઈ રાણા | ૧૦ | શ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ |
| ૧૧ | શ્રી નિતાબેન દિલીપભાઈ રાણા | | |
| ૧૨ | શ્રી રાજેશકુમાર ગુણવંતલાલ રાણા | | |
| ૧૩ | શ્રી શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | | |
| ૧૪ | શ્રી રેખાબેન અલ્પેશકુમાર જાદવ | | |
| ૧૫ | શ્રી ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ | | |
| ૧૬ | શ્રી ગીતાબેન જતીનકુમાર રાણા | | |
| ૧૭ | શ્રી જયાબેન રોહીતભાઈ ખારવા | | |
| ૧૮ | શ્રી જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા | | |
| ૧૯ | શ્રી શાંતિબેન ભુપતભાઈ માછી | | |
| ૨૦ | શ્રી એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ | | |

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૨૦) વિરૂધ્ધમાં (૧૦) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.**

**સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર**

**પ્રમુખ**

**ખંભાત નગરપાલિકા**

**તારીખ.૧૧–૦૩–૨૦૨૪ના જનરલ બોર્ડમાં ગેરહાજર રહેલ સભ્યશ્રી ની રજા મંજુર કરવા બાબત.**

## <u>જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૦૫૧ તારીખ.૧૧–૦૩–૨૦૨૪</u>

**આજ રોજ તારીખ.૧૧–૦૩–૨૦૨૪ ના રોજ ખંભાત નગરપાલિકાની મળેલ જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભા ઠરાવે છે કે નીચે જણાવેલ સભ્યશ્રી જનરલ બોર્ડમાં ગેરહાજર રહેલ છે તેઓની રજા મંજુર કરવામાં આવે છે.**

| | |
|---|---|
| ૧ | શ્રી મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૨ | શ્રી ધ્રૃવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) |
| ૩ | શ્રી પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) |
| ૪ | શ્રી વિજયસિંહ ચંદુભાઈ પરમાર (રાજભા) |
| ૫ | શ્રી કામીની હિરેનકુમાર ગાંધી |

**સદર જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભાના એજન્ડા મુજબની આઈટમો પુરી થતા બોર્ડની કાર્યવાહી સાંજે ૫–૪૦ કલાકે પૂર્ણ કરવામાં આવેલ છે.**

**સહી.દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર**
**પ્રમુખ**
**ખંભાત નગરપાલિકા**